# આજે શહેરમાં હોળીની પરંપરાગત ઉજવણી

## શહેરમાં આજે હોલિકાદહનની દરેક સેક્ટરના ચોકમાં, સોસાયટીઓમાં આયોજનો

ગાંધીનગર, તા. ૧૬

હોલિકાદહનમાં દહન થઈ જાય તમારા તમામ દુઃખ-દર્દ ને મુશ્કેલીઓ... સુખને આનંદના રંગે રંગાઈ જાય તમારૂ જીવન... અન્ય સૌને ગાંધીનગર સમાચાર તરફથી હોળીની શુભકામનાઓ...

શહેરમાં હોળીના પાવન પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી આ વર્ષે કરવામાં આવશે. દરેક સેક્ટર, સોસાયટીઓ અને સામાજિક સંસ્થાઓના ચોક દ્વારા હોલિકાદહનનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે તમામ શહેરીજનો તથા આસપાસના ગ્રામજનો એકઠા થઈને ઢોલ, શરણાઈ જેવા વાજીંત્રો વગાડતા વગાડતા વાજતે ગાજતે હોળી પ્રગટાવીને તેની પ્રદક્ષિણા કરશે તેમજ શ્રીફળ, ધાણી વગેરે પવિત્ર મનાતી વસ્તુઓથી પૂજન કરવામાં આવશે. જોકે દરેક સમુદાયોમાં હોળીની ઉજવણીની અલગ અલગ રીતો હોય છે. પરંતુ દરેકની ભાવના એક જ હોય છે કે હોળી પ્રગટાવી અને આસુરી તત્વોનો નાશ કરવો અને દૈવી શક્તિઓનું સન્માન કરવુ.

ફાગણ માસની પૂનમનાં દિવસે હોળી મનાવવામાં આવે છે. હોળી એટલે રંગોનો તહેવાર જેમાં પ્રથમ દિવસ હોળી અને બીજા દિવસે ધૂળેટીની ઉજવણી થાય છે. હોળીમાં સાંજે ગામના પાદર કે મુખ્ય ચોક, સેક્ટરોમાં ખુલ્લા મેદાનમાં છાણા, લાકડાંની હોળી ખડકવામાં આવે છે. ત્યારબાદ બધા નાગરિકો ભેગા થઈને વાજતે ગાજતે હોળી પ્રગટાવે છે અને તેની પ્રદક્ષિણા કરે છે. જેમાં શ્રીફળનું પૂજન કરે છે અને સાથે સાથે ધાણી, ચણા, ખજૂર હોમવામાં આવે છે અને પ્રસાદ તરીકે વહેંચવામાં આવે છે. હોળીને વસંતોત્સવ તરીકે પણ ઓળખવામાં આવે છે.

**● હોળી સાથે સંકળાયેલી પૌરાણિક કથાઓ**

હિંદુ ધર્મમાં 'હોલિકા અને પ્રહલાદ'ની કથા બહુ જાણીતી છે. વૈષ્ણવ માન્યતા અનુસાર, હિરણ્યકશિપુ એ દાનવોનો રાજા હતો. એને બ્રહ્માજીનું વરદાન હતું કે તે દિવસે કે રાત્રે ઘરની અંદર કે બહાર, ભૂમિ પર કે આકાશમાં, માનવ દ્વારા કે પ્રાણી દ્વારા, અસ્ત્ર કે શસ્ત્ર દ્વારા એનું મૃત્યુ થશે નહી. આ વરદાનને કારણે તે લગભગ અમર બની ગયો. તેને મારવો અસંભવ થઈ ગયુ. આથી તે અભિમાની અને અત્યાચારી બની ગયો. સ્વર્ગ અને પૃથ્વી પર બધે જ હાહાકાર મચાવી દીધો. તેણે ઈશ્વરને પૂજવાનું પણ બંધ કરાવ્યુ અને પોતાની પૂજા કરવાનો હૂકમ કર્યો. હિરણ્યકશિપુનો પોતાનો પૂત્ર પ્રહલાદ ભગવાન વિષ્ણુનો ભક્ત હતો એને ઘણા પ્રયાસો તથા ડર બતાવી ઈશ્વર ભક્તિથી દૂર કરવાના પ્રયત્નો કર્યા પરંતુ પ્રહલાદ ડગ્યો નહી અને પોતાની ભક્તિ ચાલુ રાખી. તેણે પ્રહલાદને મારવા માટે પણ બહુ જ પ્રયત્નો કર્યા પરંતુ ઈશ્વરકૃપાથી તે બધા વિફળ રહ્યા. છેવટે પ્રહલાદને મારી નાખવાના ઉદ્દેશથી હિરણ્યકશિપુએ બાળક પ્રહલાદને પોતાની બહેન હોલિકાના ખોળામાં બેસી અગ્નિ પરીક્ષા આપવાનો આદેશ આપ્યો. હોલિકા પાસે એક એવી ઓઢણી હતી કે જો ધારણ કરે તેને અગ્નિ પણ બાળી શકે નહી. પ્રહલાદે પિતાની આજ્ઞાનું પાલન કર્યુ અને વિષ્ણુને પોતાનો જીવ બચાવવા માટે પ્રાર્થના કરી. જ્યારે અગ્નિ પ્રગટાવવામાં આવી ત્યારે પેલી ઓઢણી હોલિકાના મસ્તક પરથી ઉડી અને પ્રહલાદને વિંટળાઈ ગઈ, આથી હોલિકા અગ્નિમાં બળીને ભસ્મ થઈ ગઈ અને પ્રહલાદ સાજો સારો બહાર આવ્યો. આમ હોલિકાનું દહન થયું તે ઘટના હોળી ઉત્સવનું કારણ બની. પછીથી ભગવાન વિષ્ણુ દ્વારા હિરણ્યકશિપુના વધની કથા આવે છે જેમાં વિષ્ણુએ નૃસિંહ અવતાર ધારણ કરી બરાબર સંધ્યા સમયે ઘરના ઉંબરા વચ્ચે પોતાના ખોળામાં બેસાડીને પોતાના નખ દ્વારા ચીરી નાખી હિરણ્યકશિપુનો વધ કર્યો. આમ આસુરી શક્તિઓ પર દૈવી શક્તિઓના વિજયનું આ પર્વ એટલે હોળી મનાવવામાં આવે છે.

જ્યોતિષના મતે હોળીની જ્વાળા કઈ તરફ જાય છે પૂર્વ-દક્ષિણ-પશ્ચિમ-ઉત્તર-ઈશાન-અગ્નિ-નૈઋત્ય-વાયવ્ય વગેરે દિશા પરથી શુભાશુભ બાબત તે વર્ષ પૂરતું જણાતું હોય છે. જેમાં ગરમી, વરસાદ, દુકાળ, પૂર, રોગચાળો, મોંઘવારી, દુર્ઘટના, જેવા શુભાશુભ વરતારાઓ જે તે પ્રાંત બાબતે જોવામાં આવે છે.

હોળી દિન કરો વિચાર, શુભ-અશુભ ફળ સાર, પશ્ચિમનો વાયુ જો વાય, સમય એ જ સારો કહેવાય, વાયુ જો પૂરવનો વાય, કોરો ને કંઈ ભીનો જાય, દક્ષિણ વાયુ ધનનો નાશ, એ સમય ન ઉપજે ઘાસ, ઉત્તરનો વાયુ બહુ હોય, પૃથ્વી ઉપર પાણી બહુ જોય, જો વંટોળો ચારે વાય, પ્રજા દુઃખમાં ઝૂરે રાય, જો વાયુ આકાશે જાય, પૃથ્વી રણ સંગ્રામ બતાવ, ફાગણની પૂનમને દિન હોળી સમયે પારખ કીન'

### હોળી છાણાથી પ્રગટાવી પર્યાવરણનું જતન કરીએ

આપણા હિન્દુ ધર્મમાં હોળીના પવિત્ર તહેવારના દિવસે સોસાયટી તથા મંદિરોમાં હોળી પ્રગટાવવામાં આવે છે. જેમાં લાકડાનો મહત્તમ ઉપયોગ કરવામાં આવતો હોય છે. હોળી પ્રગટાવવામાં વધુ પડતો લાકડાનો ઉપયોગ વર્તમાન પરિસ્થિતિમાં પર્યાવરણની સુરક્ષા માટે ખતરા સમાન છે. આથી લાકડાના બદલે જો ગાયના ગોબરમાંથી બનાવવામાં આવેલા છાણા તથા શુદ્ધ ઘી સહિતની વિવિધ સામગ્રીથી હોળી પ્રગટાવવામાં આવશે તો વાતાવરણ શુદ્ધ બને છે અને પર્યાવરણની સુરક્ષા પણ થશે. હોળીના તહેવારની ઉજવણી પ્રદૂષણમુક્ત રીતે થાય તે જોવાની દરેક નાગરિકની ફરજ છે.

ગાંધીનગર આમ તો દરેક સેક્ટરોમાં હોલિકા-દહનનું આયોજન કરવામાં આવ્યું છે પરંતુ મોટી સંખ્યામાં નાગરિકો ભેગા થાય તેવા સ્થળોની યાદી નીચે મુજબ છે.

સેક્ટર-૨-સી, સેક્ટર-૩-ન્યુ, સેક્ટર-૪, સેક્ટર-૫-એ, બી અને સી, સેક્ટર-૬, સેક્ટર-૭-એ, સેક્ટર-૭-સી, સેક્ટર-૮, સેક્ટર-૨૨, વાવોલ, કુડાસણ, સરગાસણ.





ગાંધીનગરની ઓળખસમા બની ગયેલા વસંતોત્સવનો પ્રારંભ સંસ્કૃતિકુંજ ખાતે થઈ ગયો છે. પારંપરિક અને વિસરાતા લોકનૃત્યોની દરરોજ રજૂઆત કરવામાં આવે છે. વિવિધ કલાકારો આગવી શૈલીમાં પોતપોતાના લોકનૃત્યો રજૂ કરે ત્યારે અદ્‌ભૂત અને અવિસ્મરણીય માહોલ સર્જાય છે. કોરોનાકાળ બાદ યોજાઈ રહેલા આ વસંતોત્સવ કાર્યક્રમથી શહેરમાં સાંસ્કૃતિક માહોલનું નિર્માણ થયુ છે. વિવિધ પ્રાંતમાંથી આવેલા કલાકારોએ લોકનૃત્યો રજૂ કર્યા ત્યારે ઉપસ્થિત સૌ દર્શકોએ તેમને તાળીઓના ગડગડાટથી વધાવ્યા હતા.

## ગાંધીનગર મને ગમે છે...



**ચંદ્રકાન્ત સોની**
**પ્રમુખ સેક્ટર-૬, વસાહત મંડળ**

ગાંધીનગર ગુજરાતનું પાટનગર. પાટનગરમાં રહેવું કોને ન ગમે ? અતિ શાંતિપ્રિય શહેર ગાંધીનગરમાં અધિકારીશ્રીઓ અને મંત્રીશ્રીઓની દોડા–દોડ. ગુજરાત રાજયનો તમામ વહીવટ સચિવાલય કક્ષાએથી કર્મચારી/ અધિકારી/ મંત્રીશ્રી દ્વારા થાય છે.

મને પણ ૧૯૭૨માં સચિવાલયમાં સેવા કરવાનો અવસર મળ્યો. અને ૨૦૦૮માં વર્ગ–૧ના અધિકારી/ ઉપસચિવ તરીકે નિવૃત્ત થયો. આજે ગાંધીનગરમાં ૫૦ વર્ષ પૂર્ણ થયેલ છે.

શિક્ષણ જગતનું હબ એટલે ગાંધીનગર રાજયના આશાસ્પદ યુવાનો રાજયના તમામ ખૂણેથી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા આ ગાંધીનગરમાં આવે છે. ગાંધીનગરમાં અને નજીક આસપાસના વિસતારમાં પી.ડી.પી.યુ/ ડી.એ.આઈ.ટી./ નિરમા અને અદાણી જેવી કોલેજો/ યુનિવર્સિટી અને ઈજનેરી કોલેજો આવેલી છે. ગીફટ સીટી તથા નેશનલ સ્ટોક એકચેન્જની ભેટ ભારતમાં ફકત ગાંધીનગરને મળેલ છે.

ગાંધીનગરનો ઈતિહાસ પણ કઈક અલગ છે. બાબુભાઈ જશભાઈ પટેલ, પૂર્વ મુખ્ય મંત્રીશ્રીના સમકાળમાં તા.૨/૮/૧૯૬૫ના રોજ ચરેડી પાસે જી.ઈ.બી.કોલોની ખાતે ગાંધીનગરની પ્રથમ ઈંટ મૂકાઈ. જે તે સમયના મુખ્યનગર નિયોજકશ્રી એચ.કે. મેવાડા તથા શિવકુમાર વર્મા ચંદીગઢના પ્લાન મુજબ સેકટર–૧૬ થી સેકટર–૩૦ ની રચના કરી અને ગુજરાતના તમામ ખૂણેથી આવેલ કર્મચારી અધિકારીશ્રીઓ ભાઈચારાથી રહેતા. ત્યારબાદ સમયાંતરે સેકટર–૧ થી ૧૫માં પણ કર્મચારીઓને જમીન ફાળવતા તમામને પોતીકું ઘર વસાવવાનું સપનું સરકારશ્રીએ સાકાર કર્યું. આજે વિશાળ રસ્તા/ સર્કલો, સેકટર દીઠ ગાર્ડન ગાંધીનગરની આગવી ઓળખાણ આપે છે.

જે ગાંધીનગર ૭X૭ એટલે કે ૪૯ કિ.મી.ના ઘેરાવામાં હતું. ક રોડ થી જ રોડ અને ૧ થી ૭ નંબરના રોડ હતા. એજ ગાંધીનગરે વિકાસની હરણફાળ ભરી છે અને આજે ગાંધીનગર શહેરમાં વાવોલ, કોલવડા, સરગાસણ, રાયસણ, કુડાસણ, કોબા સુધીની શહેરી માર્યદા વધારી છે. પાલજ, પેથાપુર, આલમપુર, ઈન્દ્રોડા, બોરીજ ગામોનો સમાવેશ પણ ગાંધીનગર શહેર નગરપાલિકામાં કરવામાં આવેલ છે. જેની ઓળખ નવા ગાંધીનગર તરીકેની છે અને કુડાસણ, રાયસણ, સરગાસણ જેવા ગામોમાં ફલેટમાં/ બંગલામાં પણ અધિકારી/ વેપારીવર્ગ રહે છે. આજે આ ગાંધીનગરમાં ખાણીપીણીની ઉત્તમ વ્યવસ્થા છે. હોટલો/ રેસ્ટોરન્ટો/ ઈલેકટ્રોનિકસ દુકાનો તેમજ જીવન જરૂરિયાતની કોઈપણ ચીજ માટે અમદાવાદનો આધાર રાખવો પડતો નથી. પંચતારક (ફાઈવ સ્ટાર) હોટલ ''લીલા'' પણ વિદેશી મહેમાનો માટે અત્રે આવેલ છે.

અક્ષરપુરશોત્તમ સ્વામિનારાયણ મંદિર, સેકટર–૩૦, પંચદેવ મંદિર સેકટર–૨૨ જેવા મોટા મંદિર તથા મહાત્મામંદિર એ ગાંધીનગરની આગવી ઓળખ આપેલ છે. ગાંધીનગર રેલ્વે સ્ટેશન જાણે કે એરપોર્ટ જોઈ લ્યો, આવું સુખ–સુવિધાથી ભરપૂર, શાંતિપૂર્ણ અને વનરાજીથી ભરપૂર ગીફટ સીટી અને ગ્રીન સીટી મને અતિશય પ્રિય છે.

# સ્પેશિયલ ઓલિમ્પિક્સ ભારત દ્વારા દિવ્યાંગજનો માટે નેશનલ હેલ્થ ફેસ્ટ

## રાજ્યના ૭૫૦૦ એથ્લીટ્સની આરોગ્ય તપાસ કરાશે : ગાંધીનગરમાં ૭ હજાર એથ્લીટ્સની નોંધણી થઇ ચુકી છે.

ગાંધીનગર, તા.૧૬

દર વર્ષે તા.૭મી એપ્રિલના રોજ ઉજવાતો 'વિશ્વ આરોગ્ય દિવસ' આ વખતે ગુજરાત માટે વિશિષ્ટ બની રહેવાનો છે. મનોદિવ્યાંગતા ધરાવતા રાજ્યના ૭૫૦૦ એથ્લીટ્સની આરોગ્ય તપાસનો મહાઉપક્રમ હાથ ધરાશે. આ દિવસે સવારે ૯ થી બપોરના ૩.૩૦ દરમ્યાન અમદાવાદની કર્ણાવતી યુનિવર્સિટી ખાતે એથ્લીટ્સની તબીબી તપાસ કરવામાં આવશે, જે અંતર્ગત સ્પેશિયલ સ્માઈલ (ડેન્ટલ), ઓપનિંગ આઈઝ (આંખની તપાસ) અને હેલ્થ પ્રમોશન (પ્રિવેન્ટિવ અને ન્યુટ્રિશન) સ્ક્રીનિંગ હાથ ધરવામાં આવશે. આ ઉપક્રમની તૈયારીના એક ભાગરૂપે ૬૫ તબીબી નિષ્ણાતો યુનિવર્સિટી ખાતે તા.૧૭ માર્ચના રોજ સહાયક ક્લિનિકલ ડિરેક્ટરની તાલીમ લેશે, જે પૈકી ૪૦ને વિશેષ સ્મિત અને ૨૫ને આરોગ્ય પ્રમોશન માટેની તાલીમ આપવામાં આવશે. તાલીમાર્થીઓ કર્ણાવતી ડેન્ટલ યુનિવર્સિટી, દમણ અને કે. એમ. શાહ ડેન્ટલ કોલેજમાંથી આવી રહ્યા છે. તાલીમમાં બંને વિદ્યાશાખાના ૨૦ ખેલાડીઓની તબીબી તપાસનો સમાવેશ કરવામાં આવશે.

વિશ્વ આરોગ્ય દિવસે હાથ ધરવામાં આવનાર તબીબી તપાસ બાદ, સઘળા એથ્લીટ્સ અમદાવદમાં નમો સ્ટેડિયમ ખાતે સાંજે ૫.૩૦ થી ૬.૩૦ વાગ્યા સુધી સમાપન સમારોહમાં ભાગ લેશે. આ કાર્યક્રમની અધ્યક્ષતા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ કરશે તેમની સાથે સ્પેશિયલ ઓલિમ્પિક્સ ઈન્ટરનેશનલના ચીફ હેલ્થ ઓફિસર ડો. એલિસિયા બઝાનો, સ્પેશિયલ ઓલિમ્પિક્સ એશિયા પેસિફિકના પ્રાદેશિક પ્રમુખ અને મેનેજિંગ ડિરેક્ટર દિપક નતાલી, સ્પેશિયલ ઓલિમ્પિક્સ ભારતના ચેરપર્સન ડૉ. મલ્લિકા નડ્ડા અને જનરલ સેક્રેટરી ડૉ. ડી. જી. ચૌધરી ઉપસ્થિત રહેશે.




આ પ્રસંગે ફિટ ફાઈવ જીવનપદ્ધતિ વિષયક સાંસ્કૃતિ કાર્યક્રમ યોજાશે જેમાં ૭૫૦૦ જેટલા મનોદિવ્યાંગ એથ્લીટ્સ ભાગ લેશે જે એક વિશિષ્ટ ઘટના બનશે. સંભવતઃ આ ઘટનાની નોંધ ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકર્ડ્સ દ્વારા લેવામાં આવશે. આ ઉપરાંત સમાપન સમારોહમાં પોરબંદરના કલાકારો દ્વારા ગુજરાતનો લોકપ્રિય દાંડિયા રાસ પણ રજૂ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ખાતે ૭૫૦૦ એથ્લીટ્સની નોંધણીના લક્ષ્યાંક સામે ૭ હજાર અને સુરતમાં ૨૫૦૦ એથ્લીટ્સની નોંધણીના લક્ષ્યાંક સામે ૨૨૦૦ એથ્લીટ્સની નોંધણી આજદિન સુધી થઈ ચૂકી છે.



**લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા આંગણવાડીના બાળકો સાથે હોળીની ઉજવણી**

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા આંગણવાડીના બાળકો સાથે હોળી-ધૂળેટીના પર્વની ઉજવણી કરવામાં આવી હતી. સેકટર-૨૦ની આંગણવાડીના બાળકોમાં પિચકારી અને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લાયોનેસ પ્રમુખ નીતબેન રાણા, લાયોનેસ સેક્રેટરી ઉષાબેન ટાટુ તથા લાયોનેસ સભ્યો અને આંગણવાડીની બહેનો ઉપસ્થિત રહી હતી.

## રાજય મધ્યસ્થ ગ્રંથાલયમાં જૂના સામાયિક વેચાણનું આયોજન

ગાંધીનગર, તા.૧૬

રાજય મધ્યસ્થ ગ્રંથાલયમાં જુના સામાયિક વેચાણનું આયોજન કરવામાં આવ્યું છે. જે તારીખ ૧૧ માર્ચે રાજય મધ્યસ્થ ગ્રંથાલય, સેકટર-૧૭ ખાતે રાખવામાં આવ્યું છે. જુના સામયિકો વાચકોને નજીવી કિંમતે મળી રહે તે હેતુથી આ આયોજન કરવામાં આવ્યું છે. જે વાચકો જુના સામાયિકો ખરીદવા રસ ધરાવતા હોય તેમણે આ કાર્યક્રમમાં હાજર રહેવા ગ્રંથપાલ ડૉ. પી.કે. ગોસ્વામી દ્વારા જણાવવામાં આવ્યું છે.

## "હેલ્લો ગાંધીનગર"ની યુવા પ્રકૃતિ પ્રેમીઓ માટેની નેચર વૉક

ગાંધીનગર, તા.૧૬

"હેલ્લો ગાંધીનગર" પેજ દ્વારા ગાંધીનગરના યુવાનો માટે શહેરની નજીક આવેલા સેરેનીટી લાઇબ્રેરી અને બોટનિકલ ગાર્ડન ખાતે એક નેચર વૉકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમા ૧૫થી વધુ યુવા પ્રકૃતિ પ્રેમીઓ જોડાયા હતા. આ નેચર વૉકને લોકલ ગાઇડ નરેન્દ્ર બંકોલા દ્વારા સંચાલિત કરવામાં આવી હતી જેમાં યુવાનનોને નેચર એજ્યુકેશન આપી માર્ગદર્શન આપ્યું હતું. આ નેચર વૉક દરમિયાન બર્ડ વૉચિંગ, નેચર ફોટોગ્રાફી, ઓર્ગેનિક ફાર્મ વિઝિટ, હર્બલ ગાર્ડન વિઝિટ, બટરફલાય ગાર્ડન, વૉટર હાર્વેસ્ટીંગ ઓર્ગેનિક વેસ્ટ કમ્પોસ્ટ જેવી વિવિધ પ્રવૃત્તિઓ પણ કરી હતી.

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# વસંતોત્સવમાં કઠપૂતળી, પપેટ અને જીવંત કાર્ટૂન પાત્રોનું મુલાકાતીઓમાં આકર્ષણ

ગાંધીનગરના સંસ્કૃતિ કુંજ ખાતે યોજાતો વસંતોત્સવ શહેરની ઓળખ સમાન ગણાય છે. આ વસંતોત્સવમાં ભાતીગળ કઠપુતળી, પપેટ કળા અને વિવિધ કાર્ટુન પાત્રોની પ્રસ્તુતિ મુલાકાતીઓને આકર્ષી રહી છે. સંસ્કૃતિ કુંજ ખાતે "ફનવર્લ્ડ સ્ટોલ"ના સંચાલિકા નિરુબેન ભટ્ટે જણાવ્યું હતું કે તેમની સંસ્થાના યુવાનો દ્વારા વિકાસ માટે કરાતી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા કઠપુતળી અને પપેટ કળા કળાને વિકસાવવી તેમાં બદલાતા જમાના અનુસાર વિવિધ કાર્ટૂન કેરેક્ટર્સ અને જીવંત પાત્રો વગેરેના સુમેળભર્યા ઉપયોગથી સંસ્કૃતિ કુંજ ખાતે મુલાકાતીઓનું મનોરંજન કરવામાં આવી રહ્યું છે.





ગુજરાતમાં જૈનાચાર્ય હેમચંદ્રાચાર્યના સિદ્ધહેમમાં જેનો ઉલ્લેખ જોવા મળે છે તે પપેટ કળા સદીઓથી ચાલી આવતી કળા છે જે હવે વૈશ્વિક સ્તરે પાંગરી ચુકી છે તેમજ જો આ કળાનો ઉપયોગ શિક્ષણ ક્ષેત્રે કરવામાં આવે તો તેના ઉત્તમ પરિણામો મળી શકે તેવું કેટલાક નિષ્ણાંતોનું માનવું પણ છે. આ ભાતીગળ કળાના માધ્યમથી બાળકોની ઉત્સુકતામાં વધારો કરી તેમનામાં સાહસિકતા, શૌર્ય, પ્રેમ, કરુણા અને હાસ્યરસ વગેરે જેવાં વિષયો પર જ્ઞાન સાથે ગમ્મતની જેમ પીરસી શકાય તેમ છે. પપેટ કળાના માધ્યમથી મહિલાઓ અને દિવ્યાંગોના વિકાસ સાથે નાની મોટી સંસ્થાઓ, મંડળીઓ વગેરે પપેટ્રી હસ્તકળાનો વિકાસ કરી લઘુ ઔદ્યોગિક ક્ષેત્રે રોજગારી મેળવવા પણ ઉપયોગ કરી શકે છે તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ઓછું ભણેલી પ્રજાને કૃષિ, સ્વચ્છતા, પ્લાસ્ટિક મુક્તિ, વ્યસનમુક્તિ જેવી અનેક બાબતે આણવા ઉપયોગમાં લઈ શકાય તેમ છે. જે ફનવર્લ્ડ સંસ્થાના યુવાનો દ્વારા આ કળા પ્રસ્તુત કરવામાં આવી છે તેના સંચાલિકા નિરૂબેન ભટ્ટે જણાવ્યું હતું કે "આ સાથે અહીં વેચાતી પરંપરાગત વાનગીઓ અને નાસ્તાની વેરાયટીઓ વગેરે પણ મુલાકાતીઓના આકર્ષણનું કેન્દ્ર બની રહી છે, જેમાં પ્રાકૃતિક ધાન્યોથી બનાવેલી વાનગીઓનો પણ સમાવેશ થાય છે".



